**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૭/૨/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૩૬/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૫૫ લીટર દેશી દારૂ, ૧૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૫૭ બિયર ટીન કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૩૭/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ખુનઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૩૮/૧૫</u>**

**કાગડાપીઠઃ** કમરઅલી મોહમદમીયા સૈયદ (ઉ.વ.૨૫) (રહે. બીસ્મીલાનગર બુખારીબાવા કબ્રસ્તાન પાસે બહેરામપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૧૬/૨/૧૫ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે બહેરામપુરા સ્ટાર હોટલ નજીક આરોપી (૧) યાસીન કોઢી (૨) ઇરફાન ઉર્ફે અફ્રો અને (૩) બે અજાણ્યા માણસો (તમામ રહે. અલ્લાનગર બહેરામપુરા) એ ભેગા મળી પૈસાની લેતી-દેતી બાબતે કમરઅલી અને અલતાફહુસેન મોહમદમીયા સૈયદ (ઉ.વ.૨૪) (રહે. બીસ્મીલાનગર બુખારીબાવા કબ્રસ્તાન પાસે બહેરામપુરા) સાથે ઝગડો કરી યાસીન કોઢીએ કમરઅલીને તલવારથી ઘા માર્યો હતો અને ઈરફાને બેજ-બોલ બેટ વડે અલતાફ હુસેનને માથામા ફટકા મારી ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી નાસી ગયા હતા. આ અંગેની તપાસ પો.ઇ.શ્રી જે.જે.ચૌધરી ચલાવે છે.

**<u>ખુનની કોશિશઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૩૯/૧૫</u>**

**નારણપુરાઃ** મહેશભાઇ બાલચંદભાઇ પરમાર (ઉ.વ. ૩૧) (રહે.જય ચામુંડાની ચાલી ગોરગલી રામાપીરનો ટેકરો જુના વાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૨/૧૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે જુની અદાવત રાખી આરોપી (૧) હરખાભાઇ લક્ષ્મણભાઇ પરમાર (૨) પુષ્પાબેન હરખાભાઇ પરમાર (૩) નિતીન હરખાભાઇ લક્ષ્મણભાઇ પરમાર (૪) ચિરગ હરખાભાઇ લક્ષ્મણભાઇ પરમાર (તમામ રહે. જય ચામુડાની ચાલી ગોરગલી રામાપીરનો ટેકરો જુના વાડજ) એ ભેગા મળી મહેશભાઈના મોટાભાઇ વસંતભાઈ (ઉ.વ.૩૩) ને ધારીયા વડે માથામાં તથા હાથના ભાગે તથા તેમના માસીના દિકરાને હાથના ભાગે ઇજા પહોચાડી મારી નાખવાના ઇરાદે જીવલેણ હુમલો કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ શ્રી વી.આર.ભીલ ચલાવે છે

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૪૦/૧૫**

**બાપુનગરઃ** દિવ્યેશ બળવંતભાઈ પરમાર (રહે.બળદેવનગર સોસાયટી વિક્રમ મીલ પાછળ ડી/૨૧ વિમા યોજના દવાખાનાની બાજુમાં બાપુનગર) એ તા.૧૬/૨/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૨/૧૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૬/૨/૧૫ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, ચાંદીના સિક્કા નંગ-૫ અને રોકડ રૂપિયા ૩૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૮૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.આર.વસાવા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૧/૧૫**

**નરોડાઃ** મધુબહેન કાલીદાસ પટેલ (રહે.આર્ય રેસીડન્સી કર્ણાવતી હોસ્પીટલ પાછળ સૈજપુર નરોડા) તા.૧૬/૨/૧૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર શનિદેવ મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ૨૫ થી ૨૮ વર્ષના બે પુરૂષ મધુબહેના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. તેમજ આજ આરોપીઓએ સાહેદ ઈન્દુમતીબહેન અશોકભાઈ પટેલ (રહે.ચારુપાર્ક સોસાયટી ખોડીયાર માતાજી મંદિર પાયલનગર નરોડા) જસવંત કોલોની નજીકથી પસાર થતા હતા ત્યારે ઈન્દુમતીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લીધી હતી. આ અંગેની ફરીયાદ મધુબહેન પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી પી પી પીરોજીયા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૪૨/૧૫**

**ઓઢવઃ** સુમેરસિંહ ભવરસિંહ ભાટી (રહે.કોમલ રેસીડન્સી પામ હોટલ પાછળ ઓઢવ) એ તા.૧૪/૨/૧૫ કલાક ૧/૦૦ વાગે ઓઢવ પામ હોટલ પાછળ સુકન રેસીડન્સીની દુકાન નજીક પોતાની બોલેરો લોડીંગ પીકઅપ ગાડી નંબર એમએચ ૪ એફપી ૩૩૦૨ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સુમેરસિંહ ભાટીએ તા.૧૬/૨/૧૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી એ એન સોલંકી ચલાવે છે.

**ત્યજી દીધેલ મૃત શિશુ (બાળકી) મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૪૩/૧૫**

**વટવાઃ** વટવા પોલીસે તા.૧૬/૨/૧૫ બપોરના ૨/૫૦ વાગ્યાના સુમારે પુનિતનગર ક્રોસીંગ તિર્થ રેસીડન્સી રેલવે પાટા નજીક પાણીના ખાડામાંથી મૃત શિશુ (બાળકી) હાલતમાં મળી આવતા અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ અંગેના ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ સી ઝાલા ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૪૪/૧૫**

**દાણીલીમડાઃ** ફરજાનાબાનુ શન્નાઉલ્લા શેખ (ઉ.વ.૨૬) (રહે.સીટીજનનગર ગોસીયા મસ્જીદની બાજુમાં બેરલ માર્કેટ અંદર દાણીલીમડા) તા.૧૬/૨/૧૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કપડાને ઈલેક્ટ્રીક ઈસ્ત્રી કરતા હતા ત્યારે કરંટ લાગતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ શ્રી એન એસ પરમાર ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૩૪૫/૧૫</u>**

**દાણીલીમડાઃ** મહેન્દ્રભાઈ રમણભાઈ સોલંકી (ઉ.વ.૪૫)(રહે.દશરથમુખીની ચાલી બહેરામપુરા) એ તા.૧૫/૨/૧૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે મજુરી કામ થતુ ન હોવાથી આર્થિક જરૂરીયાત પુરી ન થતા મનમાં લાગી આવતા પોતાના ઘરે ઉંદર મારવાની પી લીધી હતી. સારવાર માટે એલ જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૬/૨/૧૫ કલાક ૬/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મગનભાઈ સબળાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.